# આજથી મોદીની ગુજરાત યાત્રા

**સુરતમાં એરપોર્ટ અને સર્કિટ હાઉસ વચ્ચે ૧૧ કિલોમીટરના પટ્ટા પર રોડ શો : ગુજરાત યાત્રા દરમિયાન વેપારીઓ અને ખેડૂતોની સાથે પણ મોદી વાતચીત કરશે : શ્રેણીબદ્ધ પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન કરશે : ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ**

અમદાવાદ, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસની ગુજરાત યાત્રા આવતીકાલથી શરૂ થઈ રહી છે. આવતીકાલે સાંજે આવી પહોંચ્યા બાદ સુરતમાં મોદી ઐતિહાસિક રોડ શો કરનાર છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી શક્યતા છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે પણ વધારે સમય રહ્યો નથી ત્યારે મોદીની આ યાત્રા ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. બે દિવસની ગુજરાત યાત્રા દરમિયાન મોદી જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેશે. સાથે સાથે જુદા જુદા સમુદાય સાથે વાતચીત પણ કરશે. મળેલી માહિતી મુજબ મોદી ખેડૂતો, વેપારીઓ સાથે પણ વાતચીત કરનાર છે. તમામની નજર હવે મોદીના ઐતિહાસિક રોડ શો ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. સુરતના કલેકટર એમએસ પટેલે માહિતી આપતા કહ્યું છે કે સર્કિટ હાઉસ અને એરપોર્ટ વચ્ચે ૧૧ કિલોમીટરના પટ્ટા ઉપર આ રોડ શો યોજાનાર છે. મોદી આવતીકાલે ૬.૪૫ વાગે સુરત વિમાની મથકે પહોંચશે. જ્યાંથી તેમના રોડ શોની ભવ્ય શરૂઆત થશે. સર્કિટ હાઉસમાં મોદી ભાજપના નેતાઓ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરશે. રાત્રિ ગાળામાં પણ ત્યાંજ રોકાશે. સોમવારના દિવસે મોદી ૪૦૦ કરોડના ખર્ચે બનેલી કિરણ મલ્ટીસુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરશે. મોદી ત્યારબાદ જિલ્લામાં ઈછાપુર ગામમાં હીરાબોર્સ સેઝનું પણ ઉદ્‌ઘાટન કરશે. ડાયમંડ પોલિસી યુનિટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. હરિકૃષ્ણ એક્ષોપર્ટ પ્રાઈવેટ લિમિટેડના ડાયમંડ પોલિસી યુનિટનું ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. ત્યાંથી મોદી તાપી જિલ્લાના બીજાપુર ગામમાં જશે જ્યાં કેટલ ફિડ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે અને સાથે સાથે સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયનના આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે. આને સેમુલ ડેરી તરીકે પણ ઓળખવામાં આવે છે. મોદી ત્યારબાદ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં જશે જ્યાં તેઓ સિલવાસાની મુલાકાત લેશે. અહીં તેઓ નવા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યા બાદ લોકોને સંબોધશે. કેન્દ્રની જુદી જુદી સ્કીમોના ૨૧ હજારથી વધુ લાભ મેળવનાર લોકોને જુદી જુદી કિટ આપવામાં આવશે. ત્યારબાદ મોદી સૌની પ્રોજેક્ટના તબક્કા-૧નું ઉદ્‌ઘાટન કરવા સૌરાષ્ટ્રના બોટાદ ખાતે જશે.

ત્યારબાદ તેઓ પ્રોજેક્ટના તબક્કા-૨ માટે આધારશિલા મુકશે. ગયા વર્ષે મોદીએ મહત્વકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ પ્રોજેક્ટની જામનગરથી પ્રથમ તબક્કાની શરૂઆત કરાવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર જુદા જુદા કાર્યક્રમોને આગળ વધારવા ઈચ્છુક છે. આ પ્રોજેક્ટ ચાર તબક્કામાં વિભાજીત છે. ગુજરાત સરકાર પ્રોજેક્ટ હેઠળ સૌરાષ્ટ્ર પ્રદેશના ૧૧૫ બંધને ભરનાર છે.

મોદીની આ બીજી યાત્રા તેમના વતન રાજ્યની છે. અગાઉ તેમઓએ આઠમી માર્ચના દિવસે ગાંધીનગરની મુલાકાત લીધી હતી અને દેશભરના મહિલા સરપંચો સાથે વાતચીત કરીને સંબોધન કર્યું હતું.




## પાલનપુર મહેશ્વરી મહિલા મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

પાલનપુર, તા. ૧૫

ઘર કામ કરતી ગૃહણીઓને સતત ઈતર પ્રવૃતિઓમાં કાર્યશીલ રાખવા માટે પાલનપુર મહેશ્વરી મહિલા મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પાલનપુર મહેશ્વરી કોમ્યુનીટી હોલ ખાતે મહેશ્વરી સમાજની મહિલાઓ માટે કેક શીખાડવાનું કાર્યક્રમ યોજાયું હતું જેમાં સુરત શહેરમાં બેકરીના વ્યવસાય સાથે જોડાયેલા અને જીવનમાં એકલા હાથે સંઘર્ષ કરીને બેકરી વ્યવસાયમાં સફળતા હાંસલ કરનારા નિર્મલાબેન રાઠીએ પાલનપુરની મહિલાઓને સ્વાદિષ્ટ કેક બનવાનું માર્ગદર્શન આપ્યું હતું અને જુદા જુદા ફેવરની કેક તૈયાર કરવામાં આવી હતી. બાદ તમામ મહિલાઓ સ્વાદિષ્ટ કેકની જયાફત આનંદ માણ્યો હતો.

# હજુ રાજ્યમાં હિટવેવ

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ગરમીનો પ્રકોપ અકબંધ રહ્યો છે. તીવ્ર ગરમીથી આજે પણ કોઈને રાહત મળી ન હતી. દિવસ દરમિયાન તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યમાં પારો આજે પણ ૪૪થી ઉપર રહ્યો હતો. જે વિસ્તારોમાં આજે પારો ૪૪ ઉપર રહ્યો હતો તેમાં સુરેન્દ્રનગર અને કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. બીજી બાજુ અમદાવાદમાં ૪૩, ઈડરમાં ૪૩.૪, અમરેલીમાં ૪૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ આગામી ચાર દિવસ દરમિયાન હીટવેવ યથાવત રહે તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં લોકોને હાલ ગરમીથી કોઈ રાહત મળે તેવી શક્યતા નહિવત દેખાઈ રહી છે. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૬ નોંધાયું હતું. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે ગરમીથી હાલ પુરતી કોઈ રાહત મળશે નહીં. તીવ્ર હીટવેવની સ્થિતિના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ જુદા જુદા પગલાં લોકોને રાહત આપવા માટે લેવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનનો પારો ઉંચો જવાના કારણે ગરમીના પ્રમાણમાં અસહ્ય વધારો થવા પામ્યો છે. આ સાથે જ વેપારીઓ અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોને ગરીબ અને શ્રમિક વિસ્તારોમાં કોથળા, કંતાન વગેરે પુરા પાડવાની પણ સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગ તરફથી લોકોને બપોરના સમયે કામ વગર બહાર ન નિકળવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય.ગરમીના કારણે બપોરના ગાળામાં રસ્તા બિલકુલ સુમસામ દેખાઈ રહ્યા છે. તીવ્ર તાપના કારણે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. તીવ્ર ગરમી વચ્ચે પંખા અને એસીનો હવે ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે. હાલ પુરતી કોઈ રાહત ગરમીથી લોકોને મળે તેવું દેખાતું નથી. તીવ્ર ગરમીના કારણે પેટમાં દુખાવા, ચક્કર આવવા, બેભાન થઈ જવાના બનાવોમાં વધારો થયો છે.

## આ પણ વાંચીએ...

### ● ચીઝ બર્ગર ખાવા ૮ વર્ષનો છોકરો ગાડી લઈ મેકડોનાલ્ડ પહોંચ્યો

ઓહાયોમાં રહેતો આઠ વર્ષીય બાળક ચીઝ બર્ગર ખાવા માટે એટલો બેબાકળો બની ગયો હતો કે તે પોતાના પિતાની વાન લઈને પાછળ પોતાની નાની બહેનને બેસાડી નજીક આવેલા મેકડોનાલ્ડ રસ્ટોરન્ટમાં પહોંચી ગયો હતો. રાત્રે માતા પિતા બંને સુઈ ગયા ત્યારે આ બાળકો ચીઝ બર્ગર ખાવા ઘરની બહાર નીકળ્યા હતા. પોલીસને આ વાતની જાણ થતા તે મેકડોનાલ્સ પહોચી હતી. બાળકે પોલીસને જણાવ્યું હતું કે તેણે યુ ટયુબ જોઈ ગાડી શીખી હતી.



### ● લોટરી વિના મહિલા બની લખપતિ

ઈંગ્લેન્ડના વેસ્ટ સસેકસમાં રહેતા કેરલિન કેસ્ટિલોએ નવું ઘર ખરીદતા તેની ખુશીમાં તેણે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. પાર્ટી માટે કેરોલિનાએ સી-ફુડ ખરીદ્યું હતું તે સી-ફુડ આરોગી રહી હતી ત્યારે તેના મોંમા એક કાંકરો આવ્યો હોય તેવું લાગ્યું હતુ પરંતુ તે કાંકરો નહી પરંતુ દુર્લભ કહી શકાય તેવું કાળા રંગનું મોતી હતું. આ મોતીની બજાર કિંમત એક લાખ રૂપિયાથી વધુ છે. આ મોતીએ તેને લખપતિ બનાવી દીધી છે.



## બનાસ ડેરી દૂધ ઉત્પાદકો માટે ફરી એકવાર દૂધના ભાવ વધારશે

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વાતચીતમાં સંકેત આપ્યો હતો કે બનાસ ડેરી દૂધ ઉત્પાદકો માટે ફરી દૂધના ભાવ વધારશે. ઉત્પાદકોને વધારે રકમ ચૂકવવામાં આવશે. શિયાળામાં દૂધના ભાવ ઘટાડવામાં આવતા હોય છે, દૂધના ભાવ શિયાળામાં ઘટાડવામાં નથી આવ્યા. પરંતુ તેના બદલે દૂધના ધંધામાં વૈશ્વિક મંદીનું વર્ષ હોવા છતાં પણ આ શિયાળામાં બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને વખતોવખત દૂધનો ભાવ વધારી આપી સારા ભાવ ચુકવવામાં આવી રહ્યાં છે. ૧૬-૧૦-૧૬ થી ૧૫-૧-૧૭ દરમ્યાન દૂધનો ભાવ રૂ. ૫૮૦ પ્રતિ કિલો ફેટ હતો. જેમાં રૂ. ૧૦ વધારીને ૧૬-૧-૧૭ના રોજ રૂ. ૫૯૦ પ્રતિ કિલો ફેટ કરવામાં આવ્યો, જે ફરીથી તા. ૧-૩-૧૭ના રોજ રૂ. ૧૫ વધારીને રૂ. ૬૦૫ પ્રતિ કિલો ફેટ કરવામાં આવ્યો છે.

## કોચ ખડી પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તર રેલવેના સીપીઆરઓ નિરજ શર્માએ માહિતી આપતા કહ્યું છે કે આ બનાવમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી. રાજ્યરાની એક્સપ્રેસમાં આઠ કોસ આજે સવારે રામપુર નજીક પાટા પરથી ખડી પડ્યા હતા. આ ટ્રેન મેરઠથી લખનૌ જઈ રહી હતી. બચાવ અને રાહત કામગીરીમાં સ્થાનિક લોકોની મદદ લેવામાં આવી હતી. વહેલી સવારે આ દુર્ઘટના સર્જાઈ હતી.

મોરાદાબાદમાં બીઆરએમ પ્રમોદ કુમાર સહિત બે અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચ્યા હતા. કેટલીક મેડિકલ યુનિટો પણ સક્રિય થઈ ગઈ હતી. આ બનાવ ઉત્તરપ્રદેશમાં આજે સવારે ૮.૧૫ વાગ્યાની આસપાસ બન્યો હતો. અકસ્માતના કારણે ડઝન જેટલી ટ્રેનોમાં વિલંબ થયો હતો. જ્યારે કેટલીક ટ્રેનોને રદ કરવામાં આવી હતી. કેટલાક લોકલ યાત્રીઓ બરેલી જંકશન પર અટવાઈ પડ્યા હતા કારણ કે ટ્રેનો રદ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં ટ્રેન અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. આજે સવારે વધુ એક ટ્રેન દુર્ઘટના સર્જાતા તંત્રમાં ભાગદોડ મચી ગઇ હતી. આ બનાવના કારણે આ રૂટ પર ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. અનેક ટ્રેનોને રદ કરવામાં આવી હતી. જ્યારે કેટલીક ટ્રેનો ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. યાત્રીઓને બનાવ બન્યા બાદ તેમના નિર્ધારિત સ્થળ સુધી પહોંચાડી દેવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ આ ટ્રેન મેરઠથી સવારે ૪.૫૫ વાગે રવાના થઈ હતી. ટ્રેને હાપુડ, અમરોહા, મુરાદાબાદ, રામપુર, બરેલી, શાહજહાપુર અને હરદોઈ થઈને બપોરે ૧.૧૦ લખનૌ પહોંચવાની જરૂર હતી. રામપુરથી આશરે ચાર કિલોમીટરના અંતરે જ એકાએક ટ્રેનમાં આંચકા આવ્યા હતા. અને કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. કેટલાક યાત્રી કહી રહ્યા છે કે તમામ બાબતો અચાનક બની હતી. ઘાયલ થયેલા લોકોની મદદ કરવા માટે આસપાસના લોકો પહોંચી રહ્યા છે. મામલામાં તપાસના આદેશ પણ આપવામાં આવ્યા છે.

## ભાજપની રણનીતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના હોદ્દેદારો રાષ્ટ્રીય કારોબારીની બેઠકની રૂપરેખા તૈયાર કરવામાં લાગેલા છે. હાલમાં જ ભાજપે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં શાનદાર જીત મેળવી હતી. સાથે સાથે ગોવા અને મણીપુરમાં પણ સરકાર બનાવવામાં સફળતા મેળવી હતી. ભુવનેશ્વરમાં બે દિવસની બેઠકમાં નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને કેન્દ્રિય મંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ પહોંચી ગયા છે. મિશન ઓરિસ્સાની તૈયારીમાં ભાજપના વરિષ્ઠ લોકો લાગી ગયા છે. ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ પહોંચી ગયા છે. વર્તમાનમાં ઓરિસ્સા વિધાનસભામાં ભાજપના ૧૦ ધારાસભ્ય છે. એક લોકસભા સાંસદ છે. ભાજપ દલિત, મહિલા અને નબળા વર્ગ તથા યુવાનો પર ખાસ ધ્યાન આપી રહ્યું છે. ગુજરાત, હિમાચલપ્રદેશ, કર્ણાટક, મેઘાલય અને ત્રિપુરાને છોડીને ભાજપે કાર્યકારીની બેઠક માટે ભુવનેશ્વરની પસંદગી કર્યા બાદ જ રાજકીય વર્તુળોમાં આની ચર્ચા જોવા મળી રહી છે. કારોબારીની બેઠક સાથે જ ભાજપે ઓરિસ્સામાં પણ તૈયારી માટે રણશીંગુ ફૂંકી દીધું છે. મળેલી માહિતી મુજબ કારોબારીમાં ૪૦ કેન્દ્રિય મંત્રી, ૧૩ રાજ્યોના મુખ્યમંત્રી પહોંચી ચુક્યા છે. ભાજપના નેટવર્કને દેશના અન્ય રાજ્યોમાં પણ ફેલાવવા અને અન્ય જુદા જુદા પાસા પર આ બેઠકમાં ચર્ચા થનાર છે. આ ઉપરાંત ભાજપની યોજનાઓને લોકોની સમક્ષ લઈ જવા માટે પણ બેઠકમાં ચર્ચા વિચારણા થશે. કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં સરકાર આગામી મહિનામાં ત્રણ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યું છે કે ઓરિસ્સામાં હાલમાં જ સ્થાનિક ચૂંટણીમાં ભવ્ય દેખાવ કરનાર પાર્ટી આગામી ચૂંટણીમાં રાજ્યમાં સત્તા ઉપર આવવા પણ પ્રયાસ કરશે. કારોબારીમાં ઘણા મુદ્દા એવા છે તેના ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થનાર છે. દીપ પ્રગટાવીને ભાજપની કારોબારી બેઠકની શરૂઆત કરવામાં આવી હતી. આવતીકાલે પણ આ બેઠક જારી રહેશે. કારોબારીમાં સુધારા અને વિકાસના એજન્ડા ઉપર ધ્યાન અપાશે.

## કેજરીવાલની માંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. જેના પરિણામ સ્વરૂપે એએપીને મોટો ફટકો પડ્યો હતો. ત્યારબાદ અરવિંદ કેજરીવાલે ઈવીએમ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. હવે દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું છે કે દિલ્હીમાં મ્યુનિસિપલ ચૂંટણીને હાર પુરી મોકુફ કરી દેવામાં આવશે. કેજરીવાલે રાષ્ટ્રીય પાટનગરમાં સિવિક ચૂંટણીને એક મહિના સુધી ટાળી દેવા માટે રજુઆત કરી છે. કેજરીવાલે કહ્યું છે કે તમામ વ્યવસ્થા વીવીપીએટી સજ્જ ઈવીએમનો ઉપયોગ કરવાની જરૂર છે. દિલ્હીના મુખ્યમંત્રીએ ગઈકાલે રાજ્યના ચૂંટણી કમિશનર સાથે વાતચીત કરી હતી. ઈવીએમના મુદ્દા ઉપર તેઓએ વિશેષ રજુઆત કરી હતી. બીજી બાજુ રાજ્ય ચૂંટણી કમિશનર દ્વારા આ દરખાસ્તને ફગાવી દેવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે ચૂંટણીને મોકુફ કરવા માટેની કોઈપણ જોગવાઈ નથી.

## મોરપીંછના રંગ

● ૪ પોનાનું ચાલુ...

ડિટોક્સીફિકેશન થાય છે. એટલે કે શરીરમાંથી ખરાબ તત્વો બહાર નીકળી જાય છે. કેટલાક રીસર્ચમાં તો એ પણ જાણવા મળ્યું છે કે ઉપવાસ કરવાથી કેન્સર જેવો ખતરનાક રોગનું જોખમ પણ ટળે છે. તો વળી હદય સંબંધી રોગ, ડાયાબિટિસ જેવા રોગ પણ જલદીથી આપણા શરીરમાં પ્રવેશી શકતા નથી.અને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

(૬) માથા પર ચોટલી રાખવી.

હિંદુધર્મમાં અગાઉ ઋષિમુનિઓ અને વૈદિક બ્રાહ્મણો માથાપર ચોટલી રાખતા હતા. અને આજે પણ આ પ્રથા – પરંપરા ઘણી જગ્યાએ જોવા મળે છે. અને હવે તો ફેશનરૂપે પણ માથે ચોટલી બાંધી મોતા મોટા કલાકારો ફરતા જોવા મળે છે. આની પાછળનો વૈજ્ઞાનિક તર્ક એવો છે કે માથામાં જ્યા ચોટલી ઉગે છે કે રાખવામાં આવે છે ત્યા મગજની બધી નશો આવીને મળે છે. જ્યાથી નવી ઊર્જા પ્રવેશે છે. મગજ શાંત રહે છે. ક્રોધ પર કાબૂ રાખી શકાય છે. અને વિચારવાની શક્તિમાં વૃદ્ધિ થાય છે. મગજની નકારાત્મક શક્તિ ચોટલી દ્વારા બહાર નીકળી જાય છે. અને મગજ શાંત અવસ્થામાં રહે છે. વળી ચોટલી બ્રહ્માંડની શક્તિ સાથે આપણને કનેક્ટ રાખે છે.

(૭) જમીન પર બેસીને ભોજન કરવું

ભારતીય સંસ્કૃતિમાં જમીન પર બેસીને ભોજન કરવું એ એક સમયે સંસ્કારની નિશાની ગણાતી હતી જો કે આજકાલ દરેક ઘરોમાં ડાઈનિંગ ટેબલ – ખુરશી આવી ગયા છે. અને આ પરંપરા આજે સાવ વિસરાતી જાય છે. પરંતુ આપને બહું ઓછા લોકો જાણીએ છીએ કે નીચે બેસીને જમવા પાછળનું વૈજ્ઞાનિક તથ્ય એ છે કે જમીન પર પગની પલટી મારીને બેસવું પડે જે એક પ્રકારના યોગનું આસન જ છે. એ સ્થિતિમાં બેસવાથી મગજ શાંત રહે છે. અને ભોજન કરતી વખતે મગજ શાંત રહે તો પાચન ક્રિયા ખુબ સારી થાય છે. જમીનપર આસન અવસ્થામાં બેસતા જ મગજમાંથી આપોઆપ એક સંદેશ પેટ સુધી જાય છે. અને પેટ ભોજન માટે એને પચાવવા માટે અગાઉથી તૈયાર થઈ જાય છે.

(૮) ચપ્પલ ઘરની બહાર કેમ ઉતારીએ છીએ ?

કોઈપણ ધર્મમાં કે ધાર્મિકસ્થાન પર અંદર જતા આપણે બૂટ ચપ્પલ બહાર ઉતારીએ છીએ. એની પાછળનું કારણ આપને ધાર્મિક હોવાનું માનીએ છીએ. પણ એનું વૈજ્ઞાનિક સત્ય એ છે કે મંદિરની અંદરનું ફર્શનું નિર્માણ પહેલાના સમયથી આજસુધી એ રીતે કરવામાં આવે છે કે એમાં ઈલેક્ટ્રોનિકસ અને મેગ્નેટિક તરંગોનો સૌથી મોટો સ્ત્રોત હોય છે. જ્યારે આપણે મંદિરમાં ખૂલ્લા પગે ચાલીએ છીએ ત્યારે એ પૃથ્વીની મેગ્નેટિક ઊર્જા પગ દ્વારા આપણા શરીરમાં પ્રવેશે છે. અને આપણી રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આજકાલ આપણે આધુનિકતાને કારણે પૃથ્વીના સંપર્કમાં આવતા જ નથી. ઘરમાં પન ચપ્પલ પહેરીને ફરીએ છીએ. જેને કારણે ધરતીની મૂલ્યવાન ઊર્જાથી વંચિત રહીએ છીએ.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પોનાનું ચાલુ...

તો લાંબુ હોય અને બીજું કે પરીક્ષાઓ પત્યા પછી નવા ધોરણમાં જવાનો ઉમંગને વધુ ધારદાર બનાવવાનું વેકેશન..! ઉનાળો એટલે વેકેશન...મજ્જા...મામાના ઘરે જવાની મજ્જા...ઉનાળો એટલે નીતનવા આઈસ્ક્રીમનો અસલી સ્વાદ...ઉનાળો એટલે સુતરાઉ સદરા અને લીનનના શર્ટ સાથે દોસ્તી...ઉનાળો એટલે જાતજાતના મસાલાની સોડમથી ઉભરાતું ઘર... ઉનાળો એટલે અથાણાની સીઝન...ઉનાળો એટલે અગાસીએ રાત્રે પથારીમાં આંખો ખુલી રાખીને તારાઓ ગણવાની મજા... ઉનાળો એટલે એકદમ સાફસુથરા આકાશથી શરુ થતી સવાર...ઉનાળો એટલે ચિલ્ડ એસીમાં બેસીને ‘ બહુ ગરમી છે ‘ કહેવાના દિવસો... ઉનાળો એટલે ગામ કે શહેરમાં કેટલા બગીચા અને વોટરપાર્ક છે એની ગણતરી કરવાના દિવસો... ઉનાળો એટલે યજમાનના વગર આગ્રહે ૫-૬ વાટકી કેરીનો રસ ઉલાળી જાવાની મજા...ઉનાળો એટલે કાચી કેરી, ખસ, વરીયાળી, કોકમ,ફાલસા શરબતો ઢીંચ્યા રાખવાના દિવસો...ઉનાળો એટલે કડવા લીમડાને હોંશે હોંશે પીવાનો પ્રયત્ન...ઉનાળો એટલે શેરડીના રસના ખાલી થતા ગ્લાસીસ...ઉનાળો એટલે કસરતથી છુટ્ટી... ઉનાળો એટલે ( જો હોય તો ) ગામ કે શહેરની નદીના પાણીમાં મરાતા ધુબાકા...ઉનાળો એટલે લગનગાળો...ઉનાળો એટલે આળસુ થઈ જવાની મજા... ઉનાળો એટલે કોયલ નું કુહુ કુહુ..., ઉનાળો એટલે ..! આટઆટલું છે ઉનાળામાં તોય તમને કદર ક્યાં ? એટલે જ હવે ઉનાળો વધુ “ હોટ ‘ થતો જાય છે....!

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in